બીબીએ કોલેજ દ્વારા

# 'મેનેજમેન્ટ ક્ષેત્રની વિવિધ વિશેષજ્ઞતાઓમાં ઉજ્જવળ કારકિર્દીની સંભાવના' વિષય પર વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીજનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ વર્ષ પર્યંત વિદ્યાર્થીઓના સર્વાંગીવિકાસ માટે સાતત્યપૂર્ણ અનેકવિધ પ્રવૃતિ યોજાય છે જેના ભાગરૂપે ઉપરોક્ત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંપ્રત સમય માં વિદ્યાર્થીઓને કારકિર્દી માં યોગ્ય વિકલ્પ મળે તે મોટો પડકાર બની સામે આવી રહ્યો છે. જેના પર સમગ્રલક્ષી ચિંતન શિક્ષણ જગત માં ચાલી રહ્યું છે. ત્યારે આપણી બીબીએ કોલેજ પણ તેની જવાબદારી ના ભાગરૂપે ઉપરોક્ત વર્કશોપનું આયોજન કર્યુ હતું. જેમાં "પોસ્ટ એ રિજયુંમ એચ.આર.કન્સલ્ટન્સી''' ના ફાઉન્ડર વિપુલ માળી તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.અને વિદ્યાર્થીઓને મોટીવેટ કર્યા હતા. કોલેજના ઉપાચાર્ય ડો.જયેશ તન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને આગામી પ્રવૃત્તિઓ માટે સજ્જ કર્યા હતા.વિપુલભાઈ દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી માહિતી આપવા માં આવી હતી. તેઓએ જણાવ્યુ હતું કે વિશિષ્ટ વિશેષતા ધરાવતા ઉમેદવાર પાસેથી ઉદ્યોગગૃહો ને વિવિધ પ્રકારની અપેક્ષાઓ હોય જે માટે વિદ્યાર્થીઓએ સજ્જ થવું પડશે. વક્તાએ વિદ્યાર્થીઓના જુદા જુદા પ્રશ્નો જુદા જુદા ક્ષેત્રોમાં કરવાના કામના પ્રકાર, સંભવિત વૃદ્ધિની તકો, પગાર સંબંધિત મુદ્દાઓ વગેરેના પ્રશ્નોનું નિરાકરણ પણ કર્યુ હતું માર્કેટિંગ, ફાઈનાન્સ અને એચ.આર.ની વિવિધ વિશેષતાઓમાં ઉદ્યોગસાહસિક તકો માટે વિગતવાર પ્રશ્ન જવાબ નું સત્ર રહ્યું હતું જેમાં તેઓએ ઉપયોગી દ્રષ્ટાંતો તેમજ તેમના વ્યકિતગત અનુભવો નું ભાથું વિદ્યાર્થીઓને પીરસ્યું હતું. આજનું યુવાધન કારકિર્દી ના ઘડતર માં અગ્રેસર રહે રહે તે આજના કાર્યક્રમ નું મુખ્ય લક્ષ્ય હતું.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ડો.પ્રજ્ઞેશ નવલખા દ્વારા કરવા માં આવ્યું હતું. કાર્યક્રમની સાથે સાથે જુદા જુદા વિષય પર કોલેજ ના ૧૨ વિદ્યાર્થીઓ એ તજજ્ઞ ને વિવિધ ક્ષેત્રો બાબતે પ્રશ્નોત્તરી કરી હતી.આજના કાર્યક્રમમાં કુલ ૨૧૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ એ તેમના અભિપ્રાય માં જણાવ્યુ હતું કે આવા સેમિનાર તેમની કારકિર્દી ના ઘડતર માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. ભવિષ્ય માં પણ આવી તક પ્રાપ્ત થાય તો તેઓ તેને ઝડપી લેવા તત્પર રહેશે. કાર્યક્રમ માં

વર્કશોપ ને સફળ બનાવવા કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ સમિતિનાં હેડ ડો.જયેશ તન્ના,ડો.પ્રજ્ઞેશ નવલખા ડો.અમિતા પ્રજાપતિ ડો.આશિષ ભુવા,ધર્મેન્દ્ર રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા ખુબ જ પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

દેખાવને ચાહનારો
જમાનો છે
સાહેબ...
વિચારોને કોણ પૂછે છે?
સેલ્ફી મૂકો તો ૨૦૦ લાઈક...
વિચારો મૂકો તો
૫-૧૦ લાઈક...

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ ટેલેન્ટાઈમ-૨૦૨૦ યોજાયો



ગાંધીનગર, તા. ૧૪

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ, ખાતે ૦૫ ફેબ્રુઆરી થી ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ દરમિયાન ગાંધીનગર દ્વારા ટેલેન્ટાઈમ-૨૦૨૦ ની ઉજવણી કરવામાં આવી હતી. તેનું ઉદઘાટન શ્રી હાર્દિક પરીખ (ટીસીએસસી વેન્ટર્સના મેનેજિંગ ડાયરેક્ટર) દ્વારા કરવામાં આવિયું હતું. ટેલેન્ટાઈમ-૨૦૨૦ માં, સંસ્થા દ્વારા રંગોળી, નો ગેસ કૂકિંગ, બેડમિંટન, ટગ ઓફ વાર, ચેસ, કેરમ, રિવર્સ રેસ, કપલ રેસ, ક્રિકેટ,ફોટોપેડિયા જેવી વિવિધ પ્રકારની રમતો અને પ્રતિભા આધારિત ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ટેલેનટાઇમ - ૨૦૨૦ દરમિયાન વિદ્યાર્થીઓ અને સ્ટાફના સભ્યોએ દરેક કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો હતો આ પ્રકારના કાર્યક્રમનાં આયોજનથી વિધ્યાર્થીઓમાં રહેલી પ્રતિભા બહાર આવે છે. સંસ્થાએ ટેલેન્ટાઈમ-૨૦૨૦ દરમિયાન વિવિધ દિવસો જેવા કે ટ્વીન ડે, ગ્રુપ ડે, સિગ્નેચર ડે, ટ્રેડીશનલ ડે ની ઉજવણી કરી હતી.



હીરામણિ નર્સરી કે.જી (અંગ્રેજી/ગુજરાતી માધ્યમ)ના વિદ્યાર્થીઓનો વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ જનસહાયક ટ્રસ્ટના પ્રમુખ નરહરિ અમીન, ઉપપ્રમુખ નીતાબેન અમીન અને મેનેજીંગ ટ્રસ્ટી વરુણ નરહરિ અમીનના હસ્તે સ્કૂલ કેમ્પસમાં યોજાયો.

# આવતા વર્ષ સુધીમાં તમામ આઈટીઆઈ પોતાનાં મકાનોમાં કામ કરતી થઈ જશે

ગાંધીનગર, તા. ૧૪

૪૩ આઈટીઆઈમાંથી ભાડાના મકાનમાં કામ કરતી ૩૪ આઈટીઆઈ આવતા વર્ષ સુધીમાં પોતાના મકાનમાં કામ કરતી થઈ જશે. આઈટીઆઈની કામગીરી બહેતર બનાવવાના સરકારના રોડમેપના ભાગ તરીકે સરકાર સંચાલિત તમામ ઈન્ડસ્ટ્રિયલ તાલિમ સંસ્થાઓ (જે) ને આવતા વર્ષ સુધીમાં તેમના પોતાના મકાનમાં ખસેડાશે, તેવુ શ્રમ અને રોજગાર વિભાગે મંગળવારે જણાવ્યું હતું.

શ્રમ અને રોજગાર વિભાગ ૨૮૭ આઈટીઆઈનુ સંચાલન કરે છે અને તેમાં વિવિધ કૌશલ્ય અને વ્યવસાયોની તાલિમ આપવામાં આવે છે. આમાંથી ૨૪૪ આઈટીઆઈ પોતાના મકાનમાંથી જ કામ કરે છે, જ્યારે બાકીની ૪૩ આઈટીઆઈ ભાડાના મકાનમાં ચાલે છે.

શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા જણાવે છે કે 'અમે આઈટીઆઈ બિલ્ડીંગ્ઝનુ બાંધકામ અગ્રતાના ધોરણે ચાલુ કર્યુ છે. હકિકતમાં ૪૩માંથી ૩૪ આઈટીઆઈના મકાનનુ બાંધકામ પ્રગતિમાં છે અને તે ભાડાના મકાનમાં અથવા ભાડા વગરના મકાનમાં કામ કરી રહી છે. ૧૦ આઈટીઆઈનાં મકાનો તો માર્ચ માસના અંત સુધીમાં જ સમર્પિત કરવામાં આવશે. વધુ ૫ ડિસેમ્બરમાં તથા ૧૯ આઈટીઆઈને આગામી નાણાંકીય વર્ષમાં સમર્પિત કરાશે.'

બાકીની ૯ આઈટીઆઈના નવા મકાનના બાંધકામ માટે વર્ષ ૨૦૨૦-૨૧માં નાણાંકીય ફાળવણી થવાની સંભાવના છે. દિવ્યાંગો માટેની ૨ સહિત ૪ આઈટીઆઈને હયાત આઈટીઆઈના મકાનમાં ખસેડવામાં આવશે.

# રેડિયન્સ સ્કૂલમાં નાનાં ભૂલકાંઓ માટે 'વેજીટેબલ ડે' ઉજવાયો




ગાંધીનગર, તા. ૧૪

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ પૂર્વ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે વેજીટેબલ ડે ઉજવવામાં આવ્યો હતો. શિક્ષણના ભાગરૂપે વિવિધ શાકભાજી, ફળો, વસ્તુઓ વગેરેની સમજ કેળવે તે હેતુસર વર્ષ દરમિયાન યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમો અંતર્ગત સદર દિનની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં જુ.કેજી અને સી.કેજીના તમામ નાના ભૂલકાઓ શાકભાજીમાં મહત્તમ જોવા મળતા મળતી લીલા રંગના થતા શાકભાજીના પોષાકમાં જોવા મળ્યા હતા. આ કાર્યક્રમ થતી શિક્ષકો દ્વારા બાળકોને શાકભાજીની પ્રત્યક્ષ સમજૂતી આપવાનું સુંદર કાર્ય કરવામાં આવ્યું હતું. સંસ્થાના મેનેજિંગ ડાયરેકટર કમ પ્રિન્સિપાલ જી.ટી. શનિયારા તથા કેમ્પસ ડાયરેકટર કમ પ્રિન્સિપાલ જે.બી. વામજા સરે તમામ વિદ્યાર્થીઓને સદર ઉજવણી માટે પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

# સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર, કડી ૧૨૮ મો પાટોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૪

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજના દિવ્ય આશીર્વાદ સહ શ્રી સ્વામિનારાયણ મંદિર, કડી ૧૨૮ મો પાટોત્સવ ભારે દબદબા પૂર્વક ઉજવાયો. પાટોત્સવ અંતર્ગત ત્રિદિવસીય વ્યસનમુક્તિ તથા સંસ્કાર સંવર્ધન શિબિર યોજાઈ હતી જેમાં મહંત સદગુરુ ભગવત પ્રિયદાસજી સ્વામી, સદગુરુ જીતેન્દ્ર પ્રિયદાસજી સ્વામી, સદગુરુસર્વેશ્વરદાસજી સ્વામી, સદગુરુ મુનિભૂષણદાસજીસ્વામી વગેરે વસિષ્ઠ સંતમંડળ ઉપસ્થિત હતું. ઠાકોરજી ને પંચામૃત અભિષેક તેમજ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. તાજેતરમાં ચીન ખાતે કોરોના વાયરસે ધમરોળી નાખી ને ફેલાયો છે ત્યારે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા અંદાજે એક લાખ તેંતાલીસ હજાર નંગ ઉપરાંતની સંખ્યામાં ઉચ્ચ ગુણવત્તાવાળા એન - પંચાણું સર્જીકલ માસ્ક પણ મોકલવાના ચાલુ છે.

# એ.એફ.સી.એ.ટી.ની પરીક્ષા વિશે માહિતી આપશો




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner

**૧.હું હાલ બી.એસ.સી ના છેલા વર્ષમાં અભ્યાસ કરું છું. એ.એફ.સી.એ.ટી ની પરીક્ષા વિશે માહિતી આપશો.**

**- અપેક્ષા મિસ્ત્રી, ગાંધીનગર**



એ.એફ.સી.એ.ટી એટલે કે એરફોર્સ કોમન એડમિશન ટેસ્ટ જે દરવર્ષે બે વાર લેવામાં આવે છે.પ્રથમ વાર ફેબ્રુઆરી કે માર્ચ માં જ્યારે બીજી વાર ઓક્ટોબર કે નવેમ્બર માસ માં.આ પરીક્ષા થકી આપ એરફોર્સમાં ડાયરેકટ ઓફિસર લેવલ ઉપર જોઈન થઈ શકો છો.આ પરીક્ષામાં કુલ ૧૦૦ પ્રશ્નો પુછવામાં આવે છે.૧ પ્રશ્ન ૩ માર્ક્સ નો હોવાથી ટોટલ ૩૦૦ માર્ક્સ માંથી આપનું મેરીટ તૈયાર થાય છે.જેમાં ૧૮ માર્ક્સ નું ગણિત,૩૨ માર્ક્સ નું રિઝનિંગ,૨૫ માર્કસ નું જી.કે જ્યારે ૨૫ માર્ક્સ નું અંગ્રેજી પુછાય છે.આ પરીક્ષા ઉત્તીર્ણ કર્યા બાદ આપ ને એસ.એસ.બી માટે બોલાવવા માં આવે છે.ત્યાર બાદ મેડિકલ અને ઈન્ટરવ્યુ થયાં બાદ આપને ટ્રેઈનિંગ માટે બોલાવવામાં આવે છે.આ પરીક્ષા ની લાયકાત સ્નાતક કક્ષા ની છે.આપ કોઈ પણ પ્રવાહ સાથે સ્નાતક થયેલ હોવા જોઈએ. જો આપે એન્જીનીયરિંગ કરેલ છે તો આપ નોન ફ્લાયઈંગ તથા નોન ફ્લાયઈંગ બંને માટે અરજી કરી શકો છો.જો આપ કોલેજ ના છેલ્લા વર્ષ માં પણ હોય તો પણ આપ આ પરીક્ષા માટે અરજી કરી શકો છો. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**૨. મે બી.એસ.સી ની પરીક્ષા આપી છે. છઠ્ઠા સેમેસ્ટરનું પરિણામ આવવાનું હજી બાકી છે. મારે સરકારી નોકરી કરવી છે. હું કઈ-કઈ પરીક્ષા આપી શકું?**

**- આશિત ભટ્ટ**



તમારા કરિયર વિષેની જાગૃતિ જોઈ ને ખૂબ આનંદ થાય છે. તમે બી.એસ.સી ની ફાઈનલ પરીક્ષા આપી દીધી છે એટ્લે તમે મોટાભાગની બધીજ પરીક્ષા આપી શકશો જેમાં લાયકાત એક સ્નાતક (ગ્રેજ્યુએટ)ની હોય છે. સરકારી નોકરીને આપણે બે ભાગમાં સમજી શકીએ. એક રાજ્ય સરકાર અને બીજી કેન્દ્ર સરકાર. રાજ્ય સરકારની વાત કરીયે તો જી.પી.એસ.સી દ્વારા તમે ક્લાસ ૧ અને ક્લાસ ૨ અફસર તમે બની શકો છો. તેના સિવાય તમે બિન સચિવાલય ક્લાર્ક, જૂનિયર ક્લાર્ક, હાઈ કોર્ટ ક્લાર્ક, તલાટી, ડેપ્યુટી મામલતદાર જેવી વર્ગ ૩ (ક્લાસ ૩) ની પરીક્ષા આપી શકો છો. રાજ્ય પોલિસમાં તમે કોંસ્ટેબલ, પી.એસ.આઈ., એ.એસ.આઈ. અને પી.આઈ. જેવી જગ્યાઓ માટે પરીક્ષા આપી શકો છો. કેન્દ્ર સરકાર માટે તમે એસ.એસ.સી.(સ્ટાફ સિલેક્શન કમિશન) દ્વારા લેવાતી પરીક્ષાઓ આપી શકો છો. તદુપરાંત યુ.પી.એસ.સી દ્વારા લેવાતી સિવિલ સર્વિસિસની પરીક્ષા દ્વારા તમે આઈ.એ.એસ, આઈ.પી.એસ., વિગેરે જેવી પ્રતિષ્ઠિત જોબ પણ મેળવી શકો છો. અમુક અર્ધ સરકારી (સેમી-ગવર્નમેંટ) પરીક્ષાઓ જેમકે આઈ.બી.પી.એસ. (રાષ્ટ્રીયકૃત બૅંક માટે), એસ.બી.આઈ અને આર.બી.આઈ. જેવી પરીક્ષાઓ પણ તમે આપી શકો છો. અમે તમારું ધ્યાન ભારતીય લશ્કરી દળો તરફ પણ દોરવા માંગીશું. ૧૦/૧૨/સ્નાતક (ગ્રેજયુએટ) થયા પછી તમે ભારતીય લશ્કરી દળોમાં પણ નોકરી મેળવી શકો છો. લશ્કરી દળમાં જોડાવાથી દેશને સેવા આપવાનો એક મોકો મળે છે. અફસરી જગ્યાઓ માટે સી.ડી.એસ., એ. ઍફ.સી. એ.ટી. (લશ્કરી દળો માટે) અને સી.એ.પી.એફ (અર્ધ લશ્કરી દળો માટે) જેવી પરીક્ષાઓ આપવાની હોય છે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**૩. હુ બી.કોમ માં અભ્યાસ કરું છું. ઓ.એન.જી.સી.ની પરીક્ષાની તૈયારી માટે શું કરવુ જોઇએ? માહિતી આપશો.**

**- અમીષ નાયી**

અમીષ,આપનો સવાલ ખૂબ સારો છે અને સાથે સાથે ખૂબ વિશાળ પણ છે.વિશાળ એટ્લા માટે કે તમે ઓ.એન.જી.સી.માં કઈ પરીક્ષા આપવા માંગો છો તે સ્પષ્ટ કર્યુ નથી. તમારું બેક ગ્રાઉંડ બી.એસ.સી. છે તો આપની પાસે



અમુક વિકલ્પ છે જેના વિષે અમે આપણે જણાવીશું.એક તો તમે બી.એસ.સી પછી એમ.એસ.સી કરી શકો છો. ઓ.એન.જી.સી.માં એમ.એસ.સી.ના વિધ્યાર્થી માટે જગ્યા બહાર પડ્તી હોય છે જે માટે આપને જી.એ.ટી.ઈ. (ગ્રેજયુએટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ ઇન ઍંજીન્યરિંગ) આપવાની હોય છે જેમાં મેરિટ પ્રમાણે અને ત્યાર બાદ ઈન્ટરવ્યુ બાદ આપને પ્રવેશ આપવામાં આવે છે. બીજો વિકલ્પ એ છે કે બી.એસ.સી બાદ એમ.બી.એ વીથ એચ.આર અથવા ફાઈનાન્સ કરી શકો છો.ત્યારબાદ તમે તેને લગતી પ્રવેશ પરીક્ષા આપી શકો છો જેમાં સામાન્ય એપ્ટિટ્યુડના પ્રશ્નો અને ત્યાર બાદ ઈન્ટરવ્યુ હોય છે. ઈન્ટરવ્યૂ પાસ કર્યા બાદ સિલેકશન થઇ શકે છે. એમ.બી.એ તમારે સારી કોલેજમાંથી કરવુ હિતાવહ છે જેના માટે તમે સી.એ.ટી, સી.એમ.એ.ટી. જેવી પરીક્ષા આપી શકો છો. વધુ માહિતિ માટે તમે ઓ.એન.જી.સી.ની વેબસાઈટ પર જઈ શકો છો અથવા અમને ઈમેલ કે વોટ્સએપ કરી શકો છો.ઓલ ધ બેસ્ટ.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્જ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner